PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૫/કવા–૦૩/૧૭–૧૮/ 237 તા. 04-0

રજી. એ.ડી. પત્ર

**પ્રતિ,**
**એટોમ સીરામીક્સ,**
**૮–અ નેશનલ હાઈવે,**
**એન્ટીક ગ્રેનીટો ની પાછળ,**
**લખધીરપુર રોડ,**
**મોરબી –૩૬૩ ૬૪૨,**
**infoatomceramic@yahoo.com**

**વિષય :–એચ.ટી. બીલીગ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૪–૧૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૫/કવા–૦૩/૧૭–૧૮ )**

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

આપનો વિશ્વાસુ

**(સી.જે. ગજેરા)**
**કા.વા. કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,**
**પીજીવીસીએલ – રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ….)**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી**

…સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૩૫/કવા-૦૩/૧૭-૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૫-૧૨-૧૭ | સ્થળ : રાજકોટ |

**પક્ષકાર નં.:-(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: એટોમ સીરામીકસ, ગામ: મોરબી

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે વી.વી.પટેલ હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: -(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : - કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી

રજુઆત કરનાર :આર.સી.પટેલ (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, મોરબી)

## : હુકમ :

**ફરીયાદ : એચ.ટી. જોડાણ ના ફાઈનલ બીલીંગ બાબત**

**મુદદા નં.-૧ : પક્ષકાર નં. -(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે , વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ એટોમ સીરામીકસ નામનુ એચ.ટી. જોડાણ : ૨૬૭૧૩, ૩૭૫ કેવીએથી ધરાવે છે. તેઓનુ સદર જોડાણ તા.૨૨-૦૪-૧૦ ના રોજ થી રીલીઝ થયેલ છે. જીઈઆરસી ના નોટીફિકેશન ૦૯/૨૦૦૫ મુજબ - પરવાનેદાર નજીક ની વીજવીતરણ ની મુખ્ય લાઈન થી ૩૦ મીટર સુધીનો સર્વિસ લાઈનચાર્જ લઈ શકતા નથી. તેમ છતાં - તેઓના એચ.ટી.ફાઈનલ બીલ માં ૩૦ મીટર સર્વિસ લાઈન અને બીજા દર્શાવેલા ખર્ચ જેમકે વાહનભાડા ખર્ચ - એન્જીનીયરો અને કર્મચારીઓની ફીલ્ડ વીઝીટ નો ખર્ચ વગેરે તેમના એચ.ટી. જોડાણ ના ફાઈનલ બીલ મા આવેલ છે. જે ખરેખર વસુલાત ને પાત્ર ન હોય - તે મુજબ ની રજુઆતે - અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.-૨ : પક્ષકાર નં. -(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, સદર અરજદાર નં એટોમ સીરામીકસ નામનુ એચ.ટી. જોડાણ : ૨૬૭૧૩ ( ૩૭૫ કેવીએ) થી તા.૨૨-૦૪-૧૦ ના રોજ થી રીલીઝ થયેલ છે. જે મુજબ એચ.ટી.ફાઈનલ બીલ ની દરખાસ્ત મુજબ - પીજીવીસીએલ ની નિગમીત કચેરી દ્વારા તા.૧૯-૦૧-૨૦૧૧ ના રોજ મંજુરી આપવામા આવેલ છે. અરજદાર દ્વારા જીઈઆરસી ના નોટીફિકેશન નો સંદર્ભ નાખવામા આવેલ છે - તેમા સર્વિસ લાઈન ફ્રી આપવાનો ઉલ્લેખ છે. તે મુજબ ડીસ્ટ્રીબ્યુશન મેઈન લાઈન માથી ગ્રાહક ની પ્રીમાઈસીસ ની બહાર જે સર્વિસ લાઈન નાખવાની થાય તે ૩૦ મીટર સુધ્ધીનો ફ્રી સર્વિસ લાઈન આપવી. પરંતુ, સદર કિસ્સામા - કોઈ સર્વિસ લાઈન નાખવાનો પ્રશ્ન ન હોય - સદર રજુઆત લાગુ પડતી ન હોવાથી - પીજીવીસીએલ ની નિગમીત કચેરી દ્વારા મંજુર કરાયેલ એચ.ટી.ફાઈનલ બીલ ની દરખાસ્ત મુજબ જ સદર અરજદાર પાસેથી નાણા વસુલ કરેલ હોય - રીફંડ આપવા બાબતે પ્રશ્ન રહેતો નથી. |
| ૨.૨ | વધુમા અરજદાર દ્વારા - વાહનભાડા ખર્ચ - કર્મચારીઓની ફીલ્ડ વીઝીટ લીધેલ છે. તે રીફંડ કરવા અંગે રજુઆત કરેલ - જે અન્વયે જણાવવાનુ કે - જે તે સમયે - પીજીવીસીએલ કંપની ના પ્રવર્તમાન નિયમ મુજબ ચાર્જ વસુલ કરવામા આવતો હતો. તે મુજબ જ ફાઈનલ બીલ મા બનાવવા અંગે ની દરખાસ્ત પીજીવીસીએલ ની નિગમીત કચેરી દ્વારા મંજુર કરાયેલ હતી - તે મુજબ જ ઉપરોકત ચાર્જ વસુલ કરેલ હોય - સદર ચાર્જ રીફંડ |

| | |
|---|---|
| | કરવાનો પ્રશ્ન રહેતો નથી. તદઉપરાંત, પીજીવીસીએલ ની નિગમીત કચેરી ના પત્ર નંબર: પીજીવીસીએલ / કોમ./ ૨૧૯૬ તા.૧૫-૦૩-૧૨ દ્વારા ઉપરોક્ત સદર ચાર્જ એચ.ટી. જોડાણ ના ફાઈનલ બીલ મા વસુલ કરવાની પ્રથા બંધ કરવા જણાવવામા આવતા – ત્યારબાદ ના એચ.ટી. જોડાણ ના ફાઈનલ બીલ મા ઉપરોક્ત ચાર્જ વસુલ કરવામા આવતો નથી. |

<u>મુદ્દા નં.-૩ :</u> : <u>નિષ્કર્ષ</u> :

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને – તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે ની રજુઆત મા જણાવ્યા અન્વયે – અરજદાર નુ મેએટોમ સીરામીક્સ નામનુ એચ.ટી. જોડાણ : ૨૬૭૧૩ ( ૩૭૫ કેવીએ) થી તા.૨૨-૦૪-૧૦ ના રોજ થી રીલીઝ થયેલ છે. જેનુ એચ.ટી. જોડાણ નુ ફાઈનલ બીલ – નિગમીત કચેરી દ્વારા તા.૧૯-૦૧-૨૦૧૧ ના રોજ મંજુરી આપવામા આવેલ છે.<br>• અરજદાર ની રજુઆત મુજબ નામદાર જીઈઆરસી ના નોટીફિકેશન ૦૯/૨૦૦૫ મુજબ ચેપ્ટર -૦૩ ક્લોઝ (vi) અન્વયે એચ.ટી. જોડાણ ના ફાઈનલ બીલ મા ૩૦ મીટર સર્વિસ લાઈન નો ચાર્જ – ડીસ્ટ્રીબ્યુશન મેઈન લાઈન માથી ગ્રાહક ની પ્રીમાઈસીસ ની બહાર જે સર્વિસ લાઈન નાખવાની થાય તે ૩૦ મીટર સુધીનો ફ્રી સર્વિસ લાઈન આપવી.<br>• ઉપરોક્ત સદર બાબતે પીજીવીસીએલ દ્વારા જણાવાયેલ કે – સદર કિસ્સામા – કોઈ સર્વિસ લાઈન નાખવાનો પ્રશ્ન ન હોય – અરજદાર ને ૩૦ મીટર ફ્રી સર્વિસલાઈન આપવા બાબતે ની રજુઆત લાગુ પડતી ન હોવાથી – પીજીવીસીએલ ની નિગમીત કચેરી દ્વારા મંજુર કરાયેલ એચ.ટી.ફાઈનલ બીલ ની દરખાસ્ત મુજબ જ સદર અરજદાર પાસેથી નાણા વસુલ કરેલ છે. જેથી, સદર બાબતે રીફંડ આપવા બાબતે પ્રશ્ન રહેતો નથી. |
| <u>૩.૨</u> | અરજદાર દ્વારા એચ.ટી. જોડાણ ના ફાઈનલ બીલ મા દર્શાવેલા ખર્ચ જેમકે વાહનભાડા ખર્ચ — અને કર્મચારીઓની ફીલ્ડ વીઝીટ નો ખર્ચ – જે લીધેલ છે તે રીફંડ બાબતે રજુઆત કરેલ– જે બાબતે – નામદાર જીઈઆરસી ના નોટીફિકેશન ૦૯/૨૦૦૫ મુજબ ચેપ્ટર -૦૭ ક્લોઝ (iv) મા નીચે ની વિગત " The amount deposited by the Applicant shall be subsequently adjusted, on completion of the work on the basis of actual cost plus supervision charges at 15% of the total cost of the materials and labour. " જણાવેલ છે. તે મુજબ એચ.ટી. ફાઈનલ બીલ અન્વયે – કુલ વાસ્તવિક ખર્ચ ઉપર ૧૫% સુપરવિઝન ચાર્જ લઈ શકાય. તેથી વાહનભાડા ખર્ચ – અને કર્મચારીઓની ફીલ્ડ વીઝીટ નો ખર્ચ વસુલ કરી ન શકાય. |
| <u>૩.૩</u> | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર શ્રી ને ૩૦ મીટર સર્વિસલાઈન ચાર્જ રીફંડ આપવા બાબતે ની રજુઆત ગ્રાહય રાખી શકાય નહી અને મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે સદર બાબતે જે તે સમયે પીજીવીસીએલ દ્વારા – વાહનભાડા ખર્ચ – અને કર્મચારીઓની ફીલ્ડ વીઝીટ નો ખર્ચ વસુલ કરવામા આવેલ છે, જે નિયમાધીન ન હોય – સદર વસુલેલ ચાર્જ મજરે આપવો. તેમ – સદર કેઈસ મા – ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૩ મુજબ ની વિગતે – અરજદાર શ્રી ને ૩૦ મીટર સર્વિસલાઈન ચાર્જ રીફંડ આપવા બાબતે ની રજુઆત ગ્રાહય રાખી શકાય નહી. તેમજ, જે તે સમયે પીજીવીસીએલ દ્વારા – વાહનભાડા ખર્ચ – અને કર્મચારીઓની ફીલ્ડ વીઝીટ નો ખર્ચ વસુલ કરવામા આવેલ છે, જે નિયમાધીન ન હોય – સદર વસુલેલ ચાર્જ મજરે આપવા બાબતે નો હુકમ કરવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી. છે.